પોલીસ કમિશ્નરની કચેરી, સુરત શહેર.
પોલીસ ભવન, અઠવાલાઇન્સ, સુરત શહેર-૩૯૫૦૦૧
વિશેષ શાખા, કચેરી ટેલીફોન-૦૨૬૧ ૨૨૪૧૧૧૦
કંટ્રોલ રૂમ ફેકસ નં. ૦૨૬૧ ૨૨૪૧૩૦૪
e-mail : special.cp.sur@gmail.com

# :: જાહેરનામું ::

## :: ફોજદારી કાર્યકરીતી અધિનીયમ-૧૯૭૩(૧૯૭૪ના નં.-૨)ની કલમ-૧૪૪ અન્વયે કાઢેલ હુકમ ::

**ક્રમાંક : એસ.બી./ઇદ-એ-મિલાદ/ ૧૬૦/૨૦૨૨**

**આગામી તા.૦૯/૧૦/૨૦૨૨ ના રોજ મુસ્લીમ સંપ્રદાયનો ધાર્મિક તહેવાર "ઇદ-એ-મિલાદ" ઉજવવામાં આવનાર છે. આ તહેવાર નિમિતે સુરત શહેરમાં મુસ્લીમ બિરાદરો દ્વારા દર વર્ષની જેમ આ વર્ષે સરકારશ્રીની ગાઇડ લાઇન મુજબ ઉજવણી કરવામાં આવનાર છે. જેમાં મુસ્લીમ સમુદાયના આગેવાનો/ઝુલુસના આયોજકો દ્વારા ઝુલુસ અલગ-અલગ પો.સ્ટે.વિસ્તારના, વિસ્તારમાંજ રૂટ બનાવી અલગ-અલગ સમયે નિકળનાર હોય અને એજ પો.સ્ટે.વિસ્તારમાં પૂર્ણ થનાર છે.**

**આ તહેવાર દરમિયાન કોમી-એક્તા , કાયદો અને વ્યવસ્થાની પરિસ્થિતિ જળવાય રહે, કોરોના સંક્રમણ ન વધે તેમજ કોઇ અનિચ્છનિય બનાવ ન બને તે માટે કેટલાક પ્રતિબંધ મુકવા જરૂરી જણાય છે.**

### -:: હુ ક મ ::-

વાસ્તે, હું અજયકુમાર તોમર(આઇ.પી.એસ.) પોલીસ કમિશ્નર, સુરત શહેર, ફોજદારી કાર્યરીતી અધિનિયમ -૧૯૭૩ (૧૯૭૪ના નં.-૨)ની કલમ-૧૪૪ અન્વયે મને મળેલ સત્તાની રૂ એ નીચે મુજબ હુકમ કરૂં છું.

### -:: પ્રતિબંધિત કૃત્યો ::-

1. "ઇદ-એ-મિલાદ" ના ઝુલુસમાં વાહન તરીકે ભારે વાહનો, ટ્રક, જેવા વાહનોનો ઉપયોગ કરવા પર.
2. "ઇદ-એ-મિલાદ" ના ઝુલુસમાં કોઇ ધર્મની લાગણી દુભાય તેવા સુત્રોચ્ચારો, ભાષણો, પોસ્ટરો કે અસભ્ય ગીતો ગાવા કે વગાડવા પર.
3. પાણી વહેંચવા માટે પાઉંચનો ઉપયોગ કરવા પર.
4. વગર પરવાનગીએ "ઇદ-એ-મિલાદ" નુ ઝુલુસ કાઢવા પર.
5. "ઇદ-એ-મિલાદ" નુ ઝુલુસ પોતાના પો.સ્ટે. વિસ્તારમાં મંજુર થયેલ રૂટ સિવાયના વિસ્તારમાં કાઢવા પર.

### :: અમલવારીનો સમય ::

સુરત શહેર પોલીસ કમિશ્નર હકુમત હેઠળના સમગ્ર વિસ્તારમાં **તા.૦૯/૧૦/૨૦૨૨ ના કલાક:00/00 થી તા.૦૯/૧૦/૨૦૨૨ ના કલાક:૨૪/00** સુધી આ હુકમનો અમલ કરવાનો રહેશે.

### :: શિક્ષા ::

આ હુકમનો ભંગ કરનાર વ્યકિત ભારતીય ફોજદારી અધિનિયમ સને ૧૮૬૦ની કલમ-૧૮૮ મુજબ શિક્ષાને પાત્ર થશે.

આ હુકમ અન્વયે સુરત કમિશ્નરેટમાં ફરજ બજાવતા અનાર્મ આસિસ્ટન્ટ સબ ઇંસપેકટર અને તેનાથી ઉપરના દરજ્જાના કોઈ પણ પોલીસ અધિકારીશ્રીઓને આ જાહેરનામાનો ભંગ કરનાર ઇસમો સામે ઇ.પી.કો. કલમ ૧૮૮ મુજબ ફરીયાદ માંડવા માટે અધિકૃત કરવામાં આવે છે.

### :: જાહેર વિજ્ઞપ્તિ ::

તમામને વ્યક્તિગત રીતે નોટીસની બજવણી કરવી શક્ય ન હોય આથી એક તરફી હુકમ કરૂ છું. જાહેર જનતાની જાણ સારૂ સ્થાનીક વર્તમાનપત્ર આકાશવાણી અને દુરદર્શન કેન્દ્ર મારફતે પ્રસિધ્ધી દ્વારા તથા પોલીસ સ્ટેશનના પોલીસ ઇન્સ્પેકટર, મદદનીશ પોલીસ કમિશ્નર, નાયબ પોલીસ કમિશ્નર તથા પોલીસ કમિશ્નર

કચેરીના નોટીસ બોર્ડ ઉપર હુકમની નકલ ચોટાડી પ્રસિધ્ધ કરવામાં આવશે તેમજ સહેલાઇથી જોઇ શકાય તેવી જગ્યાઓ ઉપર હુકમની નકલ ચોટાડી પ્રસિધ્ધ કરવામાં આવશ. ગુજરાત પોલીસ એક્ટ કમલ-૧૬૩ મુજબ પોલીસ અધિકારીઓ પણ આ હુકમની જાહેરાત કરવા અધિકૃત ગણાશે.

આજ તારીખ. ૦૮ /૧૦/૨૦૨૧ ના રોજ મારી સહી સિક્કા કરી આપેલ છે.

(અજયકુમાર તોમર)
પોલીસ કમિશ્નર,
સુરત શહેર.

પ્રતિ,

(૧) અધિક પોલીસ કમિશ્નરશ્રી સેક્ટર-૧,૨, ટ્રાફીક અને ક્રાઇમ, સુરત શહેર
(૨) નાયબ પોલીસ કમિશ્નરશ્રી, તમામ સુરત શહેર.
(૩) મદદનીશ પોલીસ કમિશ્નરશ્રી તમામ સુરત શહેર.
(૪) તમામ પો.સ્ટે./ શાખા ઈન્ચાર્જશ્રીઓ, સુરત શહેર.(નકલો ચોંટાડી લાઉડ સ્પીકર, વાહન દ્વારા જાહેરાત કરાવવા સારૂ)
(૫) કંટ્રોલ ઈન્ચાર્જશ્રી, સુરત શહેર. (તમામ વર્તમાનપત્રો તથા ન્યુઝ ચેનલોને એક-એક નકલ આપવી.)

**સવિનય નકલ રવાના :-**

(૧) અધિક મુખ્ય સચિવશ્રી, ગૃહ વિભાગ, ગાંધીનગર.
(૨) પોલીસ મહાનિદેશકશ્રી અને પોલીસ મહાનિરીક્ષકશ્રી, ગુ.રા., ગાંધીનગર.
(૩) અધિક પોલીસ મહાનિદેશકશ્રી (ઈન્ટે.), ગુ.રા., ગાંધીનગર.
(૪) પોલીસ કમિશ્નરશ્રી અમદાવાદ શહેર, રાજકોટ શહેર/વડોદરા શહેર.
(૫) પોલીસ મહાનિરીક્ષકશ્રી સુરત રેન્જ, સુરત.
(૬) કલેકટરશ્રી, સુરત શહેર.
(૭) મ્યુનિસિપલ કમિશ્નરશ્રી, સુરત શહેર
(૮) નાયબ પોલીસ મહાનિરીક્ષકશ્રી, (ઈન્ટે.) સુરત રી   જીયન, સુરત
(૯) પોલીસ અધિક્ષકશ્રી, સુરત રૂરલ.
(૧૦) નિયામકશ્રી, માહિતી ખાતુ, ગુ.રા., ગાંધીનગર.
(૧૧) જીલ્લા સરકારી વકીલશ્રી, સેસન્સ કોર્ટ, સુરત.
(૧૨) મેનેજરશ્રી, ગર્વનમેન્ટ પ્રેસ વડોદરા, (ગેઝેટ ભાગ-૧ માં પ્રસિધ્ધ કરવા સારૂ).
(૧૩) પો.ઈન્સ.શ્રી, સુરત રેલ્વે પો.સ્ટે.
(૧૪) રજીસ્ટ્રારશ્રી, હાઈકોર્ટ, ગુ.રા., સોલા રોડ, અમદાવાદ.
(૧૫) રજીસ્ટ્રારશ્રી, ડીસ્ટ્રીકટ એન્ડ સેશન્સ કોર્ટ, સુરત .
(૧૬) રજીસ્ટ્રારશ્રી, ચીફ જયુડીશ્યલ મેજી.શ્રી કોર્ટ, સુરત.
(૧૭) વધારાના એકઝીકયુટીવ મેજી.શ્રી, સુરત શહેર.( નાનપુરા બહુમાળી સુરત )
(૧૮) સબ ડીવીઝનલ મેજી.શ્રી, સીટી પ્રાંત. (જીલ્લા સેવા સદન અઠવાલાઇન્સ સુરત )
(૧૯) સંયુકત માહીતી નિયામકશ્રી, સુરત . ( સ્થાનિક વર્તમાનપત્રો, આકાશવાણી તથા દુરદર્શન કેન્દ્રમાં પ્રસિધ્ધ કરવા સારૂ.)